# રાજકોટ મહાનગરપાલિકાની હાઇકોર્ટમાં પેનલ એડવોકેટની નિમણુંક માટેની શરતો

(૧) એડવોકેટશ્રીઓની ઓછામાં ઓછી દસ વર્ષની પ્રેકટીસ હોવી જોઇએ.

(૨) એડવોકેટશ્રીઓએ કોર્પોરેશનના નિયત શેડયુલ મુજબ ઓફ ફીસ મુજબ કામગીરી કરવી પડશે.

(૩) એડવોકેટશ્રીઓએ કોર્પોરેશનના કેસો જાતે હાજર રહીને ચલાવવાના રહેશે.

(૪) એડવોકેટશ્રીઓ કોર્પોરેશન સામેની કોઇ પણ મેટરમાં અથવા કોર્પોરેશનનો હીત હોય તેવી કોઇ મેટર/ બાબતમાં સીધી કે આડકતરી રીતે કામગીરી કરી શકશે નહી કે તે બાબતે સલાહ કે અભિપ્રાય આપી શકશે નહી.

(૫) પરસ્પર ત્રણ માસની નોટીસ આપી નિયુક્તિ રદ્દ કરી શકાશે. તેમજ આવા કિસ્સામાં સબંધિત પેનલ એડવોકેટશ્રીને સુપરત કરેલ કેસોમાં જયાં સુધી અન્ય પેનલ એડવોકેટશ્રીની નિયુક્તિ ન થાય ત્યાં સુધી જે તે પેનલ એડવોકેટશ્રીએ રાજકોટ મહાનગરપાલિકા તરફે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૬) એડવોકેટશ્રીઓને સોંપેલ કોઇ કેસ અન્ય એડવોકેટશ્રીઓને ચલાવવાની મંજુરી કમિશ્નરશ્રી અને લીગલ શાખાના સબંધિત નાયબ કમિશ્નરશ્રી આપી શકશે.

(૭) એડવોકેટશ્રીઓ પાસે અમદાવાદ અથવા ગાંધીનગર ખાતે નિવાસ કે ઓફીસ ફરજીયાત હોવી જોઇએ.

(૮) એડવોકેટશ્રી કોઇ પણ યોગ્ય અને વ્યાજબી કારણ સિવાય કોર્પોરેશન તરફથી સોંપેલ કોઇ કેસ સ્વીકારવાની ના પાડી શકશે નહી, તેમજ પેનલ એડવોકેટ કોઇ કેસ સ્વિકારી શકે તેમ ન હોય ત્યારે લેખિતમાં લીગલ શાખાને કારણો સહીત જાણ કરવાની રહેશે, તેમજ તે કેસમાં જયાં સુધી અન્ય પેનલ એડવોકેટશ્રીની નિયુક્તિ ન થાય ત્યાં સુધી જે તે પેનલ એડવોકેટશ્રીએ રાજકોટ મહાનગરપાલિકા તરફે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૦) લો ફર્મના કિસ્સામાં એડવોકેટશ્રીએ અંગત રીતે એપ્લાય કરવાનું રહેશે, અને જે તે એડવોકેટશ્રીએ જાતે હાજર રહી કેસ ચલાવવાનો રહેશે, તેમજ તે ફર્મ રાજકોટ મહાનગરપાલિકા વિરૂધ્ધ કોઇ કેસ લઇ શકશે નહી કે અભિપ્રાય આપી શકશે નહી.

(૧૧) એડવોકેટશ્રીએ એડવોકેટશ્રીઓએ તેમને આપેલ કેસો અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૧૨) એડવોકેટશ્રીઓએ તેમના હસ્તકના કેસોમાં આવેલ વચગાળા કે કાયમી તમામ ચુકાદાઓ/હુકમોની જાણ લીગલશાખાને વિના વિલંબે કરવાની રહેશે, તેમજ જો ચુકાદો કોર્પોરેશનની વિરૂધ્ધમાં આવેલ હોય ત્યારે તે અનુસંધાને આગળ અપીલ કરવા, જરૂરી કાર્યવાહી કરવા, કારણો સહીત તમામ બાબતે અભિપ્રાય સહ સબંધિત હુકમની ખરી નકલ તેમજ આખરી હુકમના કીસ્સામાં એડવોકેટ ફાઇલ તાત્કાલિક લીગલશાખાને મોકલાવવાની રહેશે.